## <u>પરમ પવિત્ર મંગલં...</u>

અરજી અમારી ઉરમાં ધારો, સાહેબજી...
ઓળખાવી ધો સ્વરૂપ તમારું, સાહેબજી...
તન,મન,ધન તમને ધરીએ
સ્વીકારો સુખકારી...

પરમ પવિત્ર મંગલં, છે દર્શન આપનું
મધુર મધુર અતિ સહજ, સુહાસ્ય છે આપનું
એવા તમે કૃપાનિધિ, અમારા હૈયાના હાર
સંતરૂપે... ભગવન્ન, સહુના પ્રાણ આધાર.

અક્ષરપુરુષોત્તમ સ્વરૂપને, મનુજરૂપે ધરનાર
વ્હાલા સહુના સાહેબદાદા, કેવળ કૃપા કરનાર

* યોગીબાપાના દિવ્ય વારસ છો, ગુરુ આજ્ઞાના દ્રઢ ધારક છો
કાર્ય કરો તમે રૂપ બાપાનું જ થઈ...
અમે તમારા, તમે અમારા, સૂત્ર આ સ્હેજે, સિધ્ધ કરનારા
ભજીએ તમને મન કર્મ વચને કરી...

શાંતિદાદા-અશ્વિનદાદા, છે મૂર્તિ આપ તણી
જેથી સહજ સરળ બની, ઉપાસના સહુ તણી

આપ દયાળુ દિવ્ય અતિ, પ્રગટ પ્રત્યક્ષ સાકાર
વ્હાલા સહુના સાહેબદાદા, કેવળ કૃપા કરનાર...

અક્ષરપુરુષોત્તમ સ્વરૂપને, મનુજરૂપે ધરનાર
વ્હાલા સહુના સાહેબદાદા, કેવળ કૃપા કરનાર

બ્રહ્મસ્વરૂપ છો આપ સ્વયં સાહેબજી
ધારક સ્વામીશ્રીજીના સાહેબજી
    આમ સેવકના આપ છો સ્વામી
    ધન્ય થયા તમને પામી...!

********